જર, જમીન ને જોરૂ; એ ત્રણે કજીઆનાં છોરૂ!

णीकदेवी ने राह खेंगार

नाटकमां गवातां गायनो.

રચીને પ્રસિદ્ધ કરનાર

श्री ज्ञानोत्[illegible]ठित—जुनागढ.

જુનાગઢકર

શ્રીરંગધર વિ૦ મુળશંકર-માંકડ,

અને

રૂપશંકર વિ૦ ઉદયશંકર-ઓઝા,

આવૃત્તિ છઠ્ઠી...પ્રત ૧,૦૦૦.

કર્તાની મરજી સુધી હાલ—

ખાસ દ્વારકાં નૌત્તમ નાટક મંડળીને માટે.

અમદાવાદ:

ધીને કાંટે યુનિયન મુદ્રાલય.

સન ૧૮૯૦.

કિંમત રૂ. ૦-૨-૦.

अर्पण पत्रीका.

આજમ મેહેરબાન.

વાલા જગા અમારા તાલુકે લુધીઆ મો-
ણવેલ ભાગદાર.

આપની સાથેના અમારા નીકટ સંબંધના પ-
રીચયને લઈને પડેલા અનુભવથી સીધ
થયું છે કે, કેળવણી પ્રત્યે આપની અ-
પુર્વ ઉત્કંઠા, મીત્રતા—નાતો રાખ-
વામાં મોટાઈ દુર કરી, આપે જે
પ્યાર, દીલસોજી, ને લઈને
આ લઘુ ગ્રંથ સાથે આ-
પનું નામ ચીરંકાળ
યાદદાસ્ત રેહેવા
ખાતર નમૃતા
પુર્વક જોડવા
રજા લઉ
—હું—

શીરંગધર વી. મુળશંકર
રૂપશંકર વી. ઉદયશંકર
કર્તા.

॥ श्री ॥

राणीकदेवी अने राहखेंगार.

ઇશ્વરસ્તુતિ.

(છે જન પાલક ચાલક દુઃખનો એ-ઢબમાં.)

સર્વ એકઠરો–પરમેશ પરેશ કૃપા કરજે, અલ્પસ્તુતિ અમારી ઉર ધરજે,

ઉમયા અર્ધાંગે રાખી સદા, ભક્તોને નહીં દુઃખ કદા;
ભજેછે જન તુજને સર્વદા, દુઃખો અમારા તું હરજે. १

અર્ધ ચંદ્ર જટામાં બીરાજે છે, ખળ ખળ ગંગાજી વહેછે.
સર્વમાં વ્યાપક હે નાથ પતીત પાવન અધમ ઉધાર;
સ્તુતિ કરીરે વારમવાર, કલેશ અમારા તું હરજે. २

જલધર ચલધર શંકર છો, ફરશીધર પન્નગધારી છો.
ભસ્મનો અંગે લેપ કરો, જંગલમાં નિશદિન લેર કરો;
ગજચર્મ હમેશાં વસ્ત્ર ધરો, સમદૃષ્ટિ રાખી સૌપર છે. ३

જયદ્રથની ભુજામાં વાસ કર્યો, આ દુષ્ટોનો તો નાશ કર્યો.
કૃતી કળે નહી કોઇ જન, વસોછો સર્વને હો મન.
અર્પી તુજને તનમન ધન, ધન અર્જ કરી તે ચિત ધરજે. ४

વિશ્વેશ સુરેશ નરેશ પતિ, પરમેશ ધનેશ સુરેશ જટી,
શ્રીરંગ રૂપ કરે છે સેવ, દેવતણા પણ મ્હોટા દેવ;
માની લેજે સ્તુતિ એવ, દુઃખો અમારાં તું હરજે. ५

પ્રવેશ ૧ લો.

પારસિંહ–(કડલી શેહેરનો પારરાજા પુત્ર નહીં હોવાથી દીલગીર થાય છે.

ભેરવીની ગજલ.

(ચંદ્રમુખીને એકલી છોડીને હું આવ્યો અહીં. એ ઢબ.)

દુઃખ દર્દથી દીલડું અતિ બેહાલ થઈ મારી ગતી—ટેક.
વિનાય સંતતી અરે સુખ મ્હારૂં સૌ હરે,
ધિઃક વિના પુત્રની ફીટકાર લોક સૌ કરે. ૧
મુખ મ્હારૂં કો કદી જુવે નહીં સવારમાં,
કહેછે મુખથી વાંઝીયો આવે નહીં દ્વારમાં. ૨
પાપ પેલે જન્મ મેં કર્યાં ઘણાં પ્રભુ અરે,
ક્ષમા કરો હો નાથ રે લાચાર છઉં ખરે ખરે. ૩
ઉદાસ મન તો થયું ગઈજ હામ દીલની,
કરી ખરે ખરી પ્રભુ વિનતી આ અસીલની. ૪
થયાછે પુરા દીન તો પત્ની મારીને ખરા,
પુત્ર દર્શન દે હવે આવીછે મારી જરા. ૫

કેસર—(દાસી કેશર પુત્રી જનમની વધામણી લાવે છે.)

(ઘરસે ઇહાં કોન ખુદાકે લીયે લાયા મુજકો. એ–ઢબ.)

લાવી છઊં આજ રાજા એક બધાઈ સારી,
પુત્રી પેદા થઈ છે આપ ઘેર એક પ્યારી. ૧
કરો ખુશી આજ રાજા અર્જ આપ પાસ મારી,
સુખી કરો તેથી આજ આપી શીરપાવ સારી. ૨

(ઉપરનોજ ઢબ.)

પારસિંહ—ઘણો ખુશીનોજ દીન, આજ છે પ્રધાન મારા,
તેથી જલદી દેજે તું, દાસીને સીરપાવ સારા. ૧
જલદી બોલાવ તુંજ જોશીનેજ આહીં.
કરે જનમોતરી પુત્રીજ કેરી તે તહીં. ૨

——:o:——

પ્રવેશ ૨ જો.

બુદ્ધિબળ—[બુદ્ધિબળ પ્રધાન જોશીને તેડીને આવે છે.]

(મેં લાખકી દો લાખકી પરવા નહી રખતી. એ-ઢબ)

ખુશી થઇ આજ અતિ રાજ અમારા,
થઇછે પુત્ર ઘેર જેથી આજ તમારા. ૧
આપ્યાછે સીરપાવ આજ દાસીને સારા,
લાવ્યોછું જોશીને હુંજ કદમ તમારા. ૨

(અરે લાલદેવ ઈસ તર્ફ જલદી આ. એ-ઢબ)

પાર૦-અરે જોશી જલદી કહે સાચી વાત, પુત્રી થઇ કેવી સાક્ષાત;
જન્મ તેનો કેવો થયો છે આજ, બનશે ભવિષ્યમાં કેવો બનાવ.

ગવરી શંકર (જોશી આંગળીના વેઢા ગણતો તથા ટીપણું જોતો કહેછે)

કેરબો.

જોઈ ટીપણુંને વાત કહું આજ સાચી રે, આજ સાચી રે રાજા૦
ધન મકરને મીન મેખ, કુંભ અને વરખ

સિંહ મીથુન કન્યા તુળ વૃશ્ચિકને કરક. ૧
દાચા આથા મીન જાણો બાવા જાણો વરક,
રાતા તુળ ગોપા કુંભ ડાહા છે કરક. ૨
યમઘંટને વૈધૃત વખતે હતોજ વ્યતીપાત,
જનમ વખતે ગ્રહણ હતું મરશે એનો તાત. ૩
કુળ તણો તો નાશ કરશે રહેશે જે ઘરમાંય,
સાચે સાચું કહુંછું રાજા કરો મને ક્ષમાય. ૪

પ્રવેશ ૩ જો.

(રાજા પ્રધાનને પોતાનો અભિપ્રાય કહેછે,)

ત્રોટકછંદ.

પારસિંહ—

નથી કામ તણી એ પુત્રી ખરે, નકી ઘાત કુટંબનો તેજ કરે.
કરવી દુર તેને નકીજ ઠરી, દીલમાં નહી આશ ધરૂંજ જરી. ૧
થઇ સત્વર જા તું પ્રધાન અને જઈ જંગલમાં મુક પુત્રી ખરે
દિલમાં અતિ દાઝ રહીજ ખરી, પણ વાત ખરી દુઃખકારી ઠરી. ૨

(પ્રધાન પુત્રીને જંગલમાં મુકવા જાયછે.)

બુદ્ધિબળ— **પીલુની ઠુમરી.**

આપનો હુકમ માથે ચડાવી જાઉંછું હું સત્વર પુત્રી તેડાવી, ૧
નિર્ભય સ્થાને મુકીશ હાથે, ફરી નહી આવે કોઇની સાથે. ૨
છોડો તમે દીલનીજ ઉદાસી, લખી જે ભવિષ્યમાં વાત તે સાચી. ૩

પ્રવેશ ૫ મો.

(હડમત કુંભાર એક છોકરીને વગડામાંથી લાવી પોતાની સ્ત્રી પાસે ખુશી થાયછે,)

ત્રીભંગી છંદની ચાલ.

હડમત—આજે હેકે નહીં તું અલી, વાત ખુશીની લાવો સહુ,
વાંઝીયાનું મેણું ટળાહે, સુખ સહુ મળાહે આજ બહુ,
લાફસી રાંધજે સગાં ખવડાવજે, ઘી પીરસજે બહુ બહુ,
હડમત ભાઈ તો ખાટલે બેસશે, હુંગો ગડ ગડશે બહુ બહુ.

(હડમતની સ્ત્રી છોકરીનું નામ રાણકી પાડે છે અને તેને હાલરડું ગાય છે.)

ધનાશ્રીની ગજલ.

(પુર્ણ થયોછે ખેલ સજનો પુર્ણ થયોછે ખેલ એ-ઢબ.)

સ્ત્રી:—હાલરડું વહાલું પ્યારી રે મારી હાલરડું વા'લું,
રોરો નહીં તું કરને પ્યારી હિંચોળું તનડું; ૧
શાન્ત થઇ તું સુઈ જાજે, ખુશી દીલ માહારૂં; ૨
કજીયા કરીશ તો બાહુ આવશે, કરડે મ્હો તહારૂં. ૩

—*—

પ્રવેશ ૬ ઠો.

(કચ્છ ભુજમાં રાણીકદેવીની ઉમર તેર વર્ષની થાયછે તે પોતાના નજીકના બગીચામાં ઉદાસ બેઠી ગાય છે.)

રાણીકદેવી–(પીયુને તજાવનાર વેરી અલંકાર એ-ઢબ.)

પ્રીત રીત ફેરૂં પાન ક્યારે હું કરૂં પ્રીતરે વિનાનું ધિઃક જીવવું ખરું.

નથી કીધું પરસ્પર પ્રીતીનું રે પાન, તે રે જન જન નહીં પશુરે સમાન;
કોની સાથે કેવી પ્રીત મ્હારેરે થશે, અપ્રીતિ વાળાથી મ્હારૂં સુખરે જશે;
રામ રસ મિષ્ટ રસ મારે રસ એક, ખાધારે થકીરે વધે આનંદ વિશેક.
પ્રીત રીતમાંરે નવ રસ તો વસે, કહો ત્યારે તેથી કેવો આનંદ થશે;
મુજ રે નસીબમાં શું માંડયું રે હશે, મીલાપ મારો રે કેવા જનથી થશે.
પ્રીત રીતમાંરે ભયભીત હું ભમું, અપ્રીતિ વાળાથી પરણી પૃથ્વીમાં સમું;
(એટલામાં લાખો ફુલાણી ફરવા નિસરેછે તે તેનું રૂપ જોઈ આશક થાય છે.)

(ઘરસેં કહાં કોન ખુદાકે લીયે લાયા મુજકું એ-ઢબ.)

લાખોફુલાણી—કેવી સુન્દર દિસેછે એહી પ્રિયા આજ આંહી,
લાગ્યું મન એહથી છુટે તે કદી નાંહી;
હા ! મારી આંખ એણે ચીત મારૂં ચોરી લીધું,
ઘણી ખુશીથી મુને નેત્રનુંજ પાન દીધું.

વેરાડી જોગીયો.

વરવાની મુને હાંમ છે આ સુન્દર પ્રિયાની સાથ,
તેથી આનંદ તો થશે, પાણી ગ્રહું હું હાથ.
ચંદ્રમુખી કામ કદળી હમેશ રહેવા પાસ,
પ્રભુને હું વિનતી કરૂં, તું પુરજે મારી આસ.
જઇ કહું એના તાતને, જલદી કરે લગન;
લગનમાં જો વિઘ્ન તો, કરૂં હું નિકંદન.

બનજારા.

(હરિ કલંક આરે ઉતારો મુજ પ્રાણનાથ ઉગારો એ-ઢબ.
નથી કરી આ નારી માહારી, થઈ જીંદગી મારી અકારી,

પ્રીત જગતમાં જેરે કેહેવાયે, તે તો આ નારીથી થાયે;
તો ખરેખરી દીલદારી, નથી કરી આ નારી મ્હારી. ૧
આ પૃથ્વી ઉપર પરખો, નારી રત્નજ નયને નિરખો;
નહીં ચીજ બીજી સુખકારી, નથી કરી આ નારી માહારી. ૨
હોય ગુસ્સામાં ભરપુર, ભલે નીશામાં ચકચુર;
સઘળું જાય દીઠાથી પ્યારી, નથી કરી આ નારી માહારી. ૩
પ્રીત રીતમાં મરવું આજે, તેતો આ નારીને કાજે;
ખોઊં જીંદગી મ્હારી સારી, નથી કરી આ નારી મ્હારી. ૪

સોરઠની ગજલ.

(મદ્દમત્ લોચન ડોલતો અલી જાણ્ય કામ ઈ આવતો.)

નથી પદ્મણી જેના ઘર વિશે, હો ધિક્કાર છે તે જનને;
ફરે નહીં તે સુખમાં, પ્રાયા બાળે છે તનને—ટેક.
વિના વિદ્વાન સમાજ જાણો, રજની વિના ચંદની;
પુરૂષાર્થ વિના પુરૂષ જે છે, સેજ વિના કામની—નથી.

લાવણી. (કુદરતના કરનાર ખલકના સ્વામી. એ-ઢબ.)

જોડી હાથ નામીને શિષ જગતના ધીશ
કરજે કરૂણા તું દેવ ખલકના ઈશ,
થઈ ઇચ્છા મારી આજ નારીને કાજ;
કરી કૃપા પ્રભુ તું રાખે મ્હારી લાજ,
દઇ સુખ હમેશાં સાર દુઃખ હરીશ. ૧
ધારે જન કદી જે મન થવાનું થાએ,
તુજ કૃપા વિના હે નાથ સર્વ સુખ જાએ;
માટે તું કરજે સાહ્ય પાય પડીશ. ૨

ધનાશ્રીની ગજલ.

(પુર્ણ થયોછે ખેલ સજનો પુર્ણ થયોછે ખેલ. એ-ઢબ.)

જગત જનુની માતા, આશાપુરી જગત જનુની માતા;
મન તણી તો આશા પુરજે, વરવાને આ કાન્તા—આશા૦
લાખોફુલાણી વિનતી કરેછે, કરજે સુખ શાન્તા—આશા૦

પ્રવેશ ૧૦ મો.

(ભાટ રાણીકદેવાનું વખાણ કરેછે.)

(મનહર છંદની ચાલ.)

ગીરધર—ધારી ધારી દીઠી નારી, નથી કહેવા શક્તી મારી,
શીશ પર શેષ નાગ, વેણીને લટકે લાગ,
જોઇ જોઈ જાગ સાજ, ભમર તો ભાગેછે,
કેશરી કટાક્ષ વાળી, રમતી તી એક બાળી,
ભમરો રસાળ કાળી, આંખ અણીઆળી છે,
ગાલ છે ગુલાબી લાલ, હોઠ છે પરવાળા લાલ,
શ્વેત દંત જીભ લાલ, મુખ ચંદ્ર વાળી છે,
કંચન લતાની માંહે શૃંગો દીસેછે ત્યાંહે,
જોઈ જોઈ દીલ માંહે, મૂર્છિત થાએછે,
કેશરીની ચાલ એની, કેશરીની કેડ એની·
હીરણુની આંખ એની, હીરણાક્ષી બાળી છે.
જોઇ મેં નીહાળી નારી, નથી જોડ તેની ભાળી,
એક આપ સારૂ ખાળી, લગન એનાં લાવ્યો છઊં,

પ્રવેશ ૧૧ મો.

(રાણીકદેવી બાગનું વર્ણન કરેછે તે રાહખેંગાર ગુપ્ત રહી સાંભળે છે.)

આજ શ્યામ મોહિનીકી બાંસરી બજાઈ રે એ–ઢબ.

રાણીકદેવી—બાગ આજ સારી છે નિહાળતાં જરેજરી.
ચઢીછે વેલતો ખરી પ્રિતમથી હસી હસી. ૧
ગુલાબ પાસ મોગરો ગુલાલ લાલગુલછડી,
કેતકીને માલતીજ બાજે પ્રીત રીતથી. ૨
લપટાઈ છે ચમેલી આજ પ્રીતમથીજ પ્રીતથી,
મન મ્હારૂં તે થકી બળેછે વિરહ રીતથી ૩
અગથીઆને વેલ તોજ પ્યારથી ગળે પડી,
પ્રિતમ મુજને ક્યાં મળે રહુંજ એવી રીતથી. ૪

દીંડી.

આ વન વિશે સર્વને છે સુખ, કદી પક્ષી નહીં પામતાં હોય દુઃખ;
ધન્યધન્ય એની જનેતાની કુખ આ વન વિશે સર્વને છે સુખ.
સજોડ મળી સર્વ પ્રીત ચાખે, સહુ સાથ વસી માયા બહુ રાખે,
મધુર વચન થકી પ્યાર વૃદ્ધિ દાખે, આ વન વિશે સર્વને છે સુખ.
સહુ દંપતિની પ્રીત બહુ ભારે, મરી પતીથીજ વૃક્ષ ઉભાં હારે;
એવો વખ્ત બતાવે પ્રભુ ક્યારે, આ વન વિશે સર્વને છે સુખ.

(રાહખેંગાર એક તરફ ગુપ્ત રહી સમસ્યા કરેછે.)

(ખુશ રહો સનમજા મેરા બીધાતા બેલી એ–ઢબ.)

રાહખેંગાર—કોયલ સુર દીલને લાગે આનંદકારી.

જેમ પ્રિયા પુકારે કાન્ત બની મતવારી,
એ રતી રંભા કે ઉરફશી આવી અહીં,
કે મુજ દિલ કરવા શાન્ત અપ્સરા આવી,
ઓ કોમળ કમળ તું વાસ પસારે તારી,
આ ભમર ભમે છે તુજ પર વારી વારી,

(રાણીકદેવી તેને તેવીજ ઢબે ઉત્તર વાળે છે.)

રાણીકદેવી—

(ઉપરની ઢબ.)

ઓ ભમર ભમે છે શાને મધુવન છોડી,
આ પુષ્પ ખીલ્યાં છે આવ જલદી તું દોડી.
નવ રંગીત પુષ્પે બેશ ફરીને ઊડી,
ચમેલી ચીતમાં ચાહે ફરે મન ઘેલી.
તુજ રૂપ ગુણ ને નામ જણાવે પ્યારા,
રે દઇ દર્શનનો લાભ મેળવ મન મારા.

(રાહખેંગાર પોતાનું ખુલ્લું નામ ઠામ ગુપ્ત રહી જણાવે છે.)

(રાગ બીહાગની ગજલ.)

માનુની તું માન મારૂં વચન આ નિરધાર,
સૌરાષ્ટ્રનો પતીજ હું નામ રાહખેંગાર;
ભાન ભુલી ભામની કેમ વનમાં ફરે,
ઉદાશ દીલ તાહરૂં કો પૃથ્વીમાં કરે;
છે આશ શી તુજ દીલ વિશે જણાવને મુને,
કેમ આંહી એકલી કેમ દેહને દમે;

(સૌરાષ્ટ્રના મહીપતિનું અચાનક નામ સાંભળતાં રાણીકદેવી મુર્છાગત

થાયછે તેને રાહખેંગાર રૂમાલના પવનથી જાગ્રત કરી સંતાઈ જાયછે.)

રાગ સોરઠની ગજલ *)

મદ્‌મત લોચન ડોલતો અલી જાણે કામ ઇ આવતો એ–ઢબ

રાણીકo—કેમ ભાન ભુલી હું દેહની, મુજ શુદ્ધ બુદ્ધ સર્વે ક્યાં ગઇ.
જોઉં છું સ્વપ્ન કે સાચું હું રે નીસ્તેજ મુખે કેમ થઇ. ૧
ગાજેછે મેઘ જોરથી કે કામ બોલે કોપથી,
મુજ મન ભેદી જાયછે પ્રીતમ તણા વિયોગથી. ૨
ઓ નાથ આવી મળો તમે, દીલ શાન્ત કરવા મુજ કને,
દર્શનની આતુર હું હવે, દાસી સંભારે આપને. ૩
(રાહખેંગાર એકદમ બહાર આવેછે તેને ગળે વળગી પડે છે.)

(રાગ ઉપરનો.)

રાણીકo—જગમાં દીઠા જન તો ઘણા, પણ તમ સમો એકે નથી;
મનમાં સદા સમજુ બધું, પણ આ સમે લાચાર થઈ. ૧
દુનિયા વિશે દીલદાર જો જો મોંઘી વસ્તુ પ્રેમછે,
તમ કાયથી તે ખરીદવો, મુજ મનમાં દૃઢ એમછે. ૨
મમ સુખ માટે દુઃખ તમને આપું કેમ અધિપતિ.
કોડી તણા કારણ વિશે, નવ રત્ન ડુલો મહીપતિ. ૩
(રાહખેંગાર પ્રેમમાં લીન થઈ ઉત્તર આપેછે.)

(ઊપરની ઢબ. *)

રાહખેંo—પ્રેમી જીવે જો પ્રેમી બળતાં પ્રેમને તો ધીઃક છે,
તેથી જગતમાં પાણી પયની પ્રીતડી તો ઠીક છે. ૧
જો જાય મ્હારૂં રાજ આજ તમામ તો હું નવ ડરૂં,

ગિરનાર કરવા વાર છે તઇયાર તવમાં કેમ હરૂં. ૨
રાક્ષસ મનુષ્ય કે દેવ છે કે ભૂત છે રે ભૂમિ વિશે.
એંગાર ચડશે રણ વિશે કોણ જગતમાં જીતી જશે. ૩

(એટલામાં એક ભયંકર અવાજ થાયછે. રાહએંગાર સ્વાર થઇ જાયછે, રાણીકદેવી સોચ કરે છે.)

(સીયાનો કનરો.)

રાણીક૦—પ્રીતમ મ્હારા નાશી ગયા શું પ્રિત કરી કયાં મુજને છોડી,
રેહેમ ન આવી દાસી ઉપર મ્હારની સાથ ગયા તે દોડી.
વાત પરસ્પર પ્રીતની જામી મુકી ગયા કેમ પ્યારા સ્વામી.
કેહેતી હતી હું મ્હારા મનની આગ ઓલવવા કાજ હું તનની
કુડે નસીબે કુડું થાયે પ્રાણ રત્ન કાં નાશી જાયે,
પ્રીત રહીત સિદ્ધરાજથી વરવું નક્કી કર્યું મેં તેથી મરવું.

———:o:———

પ્રવેશ ૧૪ મો.

અંનજારા.

(હરી કલંક આરે ઉતારો મુજ પ્રાણનાથ ઉગારો એ-દબ)

રાણીકદેવી— (રાણીકદેવી ઈશ્વરનો આભાર માને છે.)
નમું નમું હું ગીરનારી, ભવ ભયથી દે તું તારી,
અકળ ગતી છે તારી, નહીં પોચે મતિ ત્યાં મ્હારી.
આ લેખ ભવિષ્યના ભારી, નમું નમું હું ગુરૂ ગીરનારી.
મુજ માત પિતા કોણ કયાંહે, હડમત મજેવડી માંહે,

એની જીન્દગી થઈ દુઃખયારી, નમું નમું હું ગુરૂ ગીરનારી,
ક્યાં ભાળ્યો મેં કચ્છ દેશ લાખો ફુલાણી રૂડે વેશ,
પ્રભુ ગ્રહી તે બાંહ મ્હારી, નમું નમું હું ગુરૂ ગીરનારી.
ક્યાં હતા તે સિદ્ધરાજ, રૂડા રાહખેંગાર મહારાજ,
ક્યાં મેહેલ આ ચમત્કારી, નમું નમું હું ગુરૂ ગીરનારી.
દીલ દીલ લગી દીલદાર, મારા પ્રીતમનો જે પ્યાર,
અરે કેમ મુકું હું વિસારી, નમું નમું હું ગુરૂ ગીરનારી.
ભુપ રાહખેંગાર જેહ, મન મોહન મારા તેહ,
તે પરથી હું ઓવારી, નમું નમું હું ગુરૂ ગીરનારી.
અરે દાસી તું સત્વર કરને, મુજ નાથને અહીંયાં ધરને,
પ્રીતે કરીએ સ્તુતિ સારી, નમું નમું હું ગુરૂ ગીરનારી.

(રાહખેંગાર અને રાણીકદેવી બન્ને ઘુંટણીયે પડી ઇશ્વર સ્તુતિ કરેછે.)

(દયાળુ દેવ કૃપાળુ તું. એ ઢબ.)

બન્ને૦—અરે જગતનાથ ગ્રહોને હાથ હમેશાં રાખ અમને સાથ,
દત્તાત્રી તું વિઘન હરજે કૃપા અમપર સદા કરજે.
અખીલ જગનોજ કરતા તું મયાળુ તું દયાળુ તું. ૧

રાણીક૦—પ્રિતમ મ્હારાજ પ્રાણાધાર ખરે દીલદાર હૈયાના હાર,
અમર તું કર કૃપાળુ નાથ સૌભાગ્ય રક્ષક મારો નાથ. ૨

રાહખેં૦—પ્યારી મારીને દેજે સુખ, કૃપા કરીને હરજે દુઃખ,
પ્રથમ મરવું મને દેજે વિના પ્યારી નહીં કરજે. ૩

બન્ને૦—પ્રિતમ પ્યારી, આ પૃથ્વીમાં કરે સુખ ચેન ખુશીમાં,
નમી નમી કરીયે પ્રણામ કૃપાળુ ઈશ આઠે જામ. ૪

પ્રવે ૧૬ મો.

[લોક ખુશીથી ગાય છે.]

(ઇંગ્રેજી રાહ.)

ખુશી ખુશીજ આજ, ખુશી ખુશીજ આજ;
માહારાજા રાહખેંગારનાં લગન થયાં તે કાજ.

પહેલો—સટા ભટા ઉડાયગે, હો ઉલુ કે સરદાર;
ગટરપટરમાપેંગે, પેસે હે અપાર. ખુશી૦

બીજો—આપલ્યા ઘેર તાંદુલ, ઔર ગુડઘે આહયે;
ફાર ચાંગલા ઉત્તમ, સબસેં ભાત ખાઇગે. ખુશી૦

સર્વજણ—(તાણીને) ખુશી ખુશીજ આજ, ખુશી ખુશીજ આજ;
માહારાજા રાહખેંગારનાં, લગન થયાં તે કાજ.

—:*:—

પ્રવેશ ૧૭ મો.

(સિધરાજનું લસ્કર કુચ કરતું ગાય છે.)

સર્વલસ્કર—ધરીને હામ કરવા કામ, રાખીયે ક્ષત્રિનું નામ;
લડાઈ મચાવી આઠે જામ, દઇ દંડ ભેદ સામ.

સિદ્ધરાજ—શુરવીર મારા શાણા આજ, રાહખેંગારથી પડયું છે કાજ;
લડો લડાઇ ખુશી સાથ, બતાવો શત્રુને હાથ.

સેનાપતિ—માહારાજારાજ સિદ્ધરાજ, સેનાપતિ હું આપનો આજ;
ખડગ ચલાવી સૌથી શ્રેષ્ટ, મારી લાત ફોડું પેટ.

૧લોસીપાઈ—માઝા વરધી સત્વર દેઉ, લશ્કર જાકે ઉઠે કેઉ;
બાઇ કોલા મી જલદી ઘેઉ, માર તોડ ફોડ કરૂન.

—:*:—

પ્રવેશ ૨૦ મો.

(રાહખેંગારથી કચેરીમાં વારાંગના ગાયછે.)

રાગ કાફી—તાલ દીપચંદ.

(ખુદાદોસ્ત સુલતાંનકી પ્યારી એ ઢબ.)

વારાંગના—જામે કીર્તિ જગમાં તમારી, પ્રભુ આપે સુખ ભારી, ટેક
યાવત્ ચંદ્ર દીવાકર સુધી, રાજ રહે સુખકારી;
પુત્ર પૌત્ર વધુ વંશજ વધજો, સાથે હાંહાં સાથે રહો શુદ્ધ નારી,
સમદ્રષ્ટી રાખોછો સૌપર, પ્રજા પુત્ર સમ પ્યારી,
દીલ દરીયાવ દયાવાન દંપતી, જોડ, હાંહાં જોડ પ્રભુ કરે નહીં ન્યારી,
મનુ સ્મૃતિથી ન્યાય ચલાવો, શીક્ષા આપોછો સારી;
નીચ લબાડ જે લાંચીયા પાપી, તેની, હાંહાં તેની કરોછો ખુવારી-જામે૦
સુખી સુખી રહે પ્રજા તમારી, રહે સદા નિર્વિકારી,
પ્રેમ પ્રજાનો આપની ઉપર, મુખથી, હાંહાં મુખથી નશકીયે ઉચ્ચારી,
દુશ્મન દળ જે આવી ચડયું છે, નાથ નાખે તે વિદારી;
ઈશ કૃપાથી ફતે તમારી, અરી હાંહાં અરી ડરી જાય હારી—જામે૦

—:*:—

પ્રવેશ ૨૧ મો.

(રાણીકદેવી શરાબને વખોડે છે.)

વસંતતીલકા વૃત.

રાણીકદેવી—શું રમ્ય આ મધુ અતિજ ગુલાબી લાગે
આનંદ દિલ થઇને દુઃખ સર્વ ભાગે,

અંતે કરે મનુષ્યને નિસ્તેજ એતો,
જાણો જરુર મનમાંજ ખરાબ તે તો.

શાર્દુલવિક્રીડિત વૃત.

દીઠામાં નહીં માલ હાલ જરિતો, બે હાલ અંતે કરે,
એવો જે અતિ મદ્ય મુજ મનથી, પીવો નહીં તે ગમે,
લાચારે મમ નાથના હુકમને, આધીન હું થાઉં છઊં,
કો ટાણે મધુપાન મૂજ મનમાં, હેરાની પામું છઊં.
(રાણીકદેવી મધપાન કર્યા પછી લડથડે છે)

(શીખરણી વૃતની ચાલ.)

થર થર થર કંપેછે દેહ મુજ આ સમે,
નયન ઊંડા જાયે દીલ અધીકું દમે,
નિસામાં ચક ચુર થઈ છું હું હરિ,
રાખો મ્હારી લાજ કહુંછું કરગરી,

(રાણીકદેવી અને દેશળજી બન્ને નિશામાં ચકચુર થઇ એક પલંગ ઉપર ગબડી પડેછે. રાહખેંગાર આવી ગુસે થાયછે દેશળજી માફ માગેછે)

(અધબીચ મોહોબત તોડી મેં દરદી દીવાના એ ઢબ)

દેશળજી—કરગરી કહુંછું તમે વચન સુણો મામા મારા આ વાર,
નથી વાંક જરી (૨) તમે માનોને નિરધાર—ટેક,
છઉં જાતવંત (૨) એમાં નહીં સંદેહ,
મુજ મનમાં નીસ્ચે જાણું મુજ માત ખરી છે એહ. ૧
કરી અર્જ આજ (૨) નહી જાવાને તે ટાણે,
હતો આગ્ર આપનો પુરો, બન્યું છે આજ પ્રમાણે, ૨
હતો નીશામાં (૨) ચકચુર બન્યો તે વખ્ત,

નહીં શુદ્ધ રહી શરીરની, હું પડયો ઉપર આ તખ્ત. ૩

(રાહખેંગારના મનમાં માન્યામાં નથી આવતું તેથી ગુસ્સે થાયછે.)

રાગ પીલુ—તાલ કેરબો.

(જુઓ જુઓ વિપ્ર ભીડી હામ, એ ઢબ)

આ દુષ્ટ કેરૂં કામ, કેવું મેં નજરે દીઠું રે,
કેવું કરવા ભીડી હામ, બોલે શું મુખથી મીઠું રે.
રાખ્યો પુત્ર સમાન મેં આજ, કેવું મેં નજરે દીઠું રે;
કેવું કીધું નિર્લજ કાજ, બોલે શું મુખથી મીઠું રે.
અન્ન ખાઇને થયોછે હરામ, કેવું મેં નજરે દીઠું રે;
ધીઃક લુચા મુકી તે મામ, બોલે શું મુખથી મીઠું રે.
તુજ માતુ સમાન આ નાર, કેવું મેં નજરે દીઠું રે;
ફટ પાપી નિર્લજ જાર, બોલે શું મુખથી મીઠું રે.
કર્યું પાપ અમાપ તેં આજ, કેવું મેં નજરે દીઠું રે;
વળી જૂઠું વદે તે કાજ, બોલે શું મુખથી મીઠું રે.
શું ઉભો બેવકુફ મુર્ખ, કેવું મેં નજરે દીઠું રે;
જા જા ગદ્ધા તું ધૂર્ત, બોલે શું મુખથી મીઠું રે.

(રાણીકદેવી રાહખેંગાર પાસે ક્ષમા માગે છે.)

ભેરવીની ગજલ.

(ચંદ્રમુખીને એકલી છોડીને હું આવ્યો અહિં—એઢબ)

રાણીકદેવી—ક્ષમા કરોને ભૂપ હો દારૂમાં બેહાલ થઈ,
રહી ન શુદ્ધ દેહની બેફામ થઈ પડી અહીં,—ટેક
કરીને મદ્યપાન હું સૂતી હતીજ જે ઘડી,
તુરતમાં દડી પડી પલંગમાંજ તે ઘડી; ૧
દેશલ બીચારો ઉભો તો નીશામાં ચકચુર થઇ,
બેશુદ્ધ થઇ તે પડયો પુર જોસ ઉરથી; ૨

નથી ક્રીયા પ્રિયાની કંઇ તે જાણજો રાજન સહી,
તમ પ્રીતનીજ રીતમાં ભયભીત આજે હું થઈ; ૩

(રાહખેંગાર દિલાસો આપેછે.)

(ઘરસે ઇહાં કોન ખુદાકે લીએ લાયા મુજકો-એઢબ)

રાહખેંગાર—નથી વાંક તુજ પ્રિયા શાને દીલગીરી કરે,
નકી વાંક આવ્યો છે દેશળ કેરો નજરે. ૧
આવો પ્રાણ પ્રિયા તમે બેસો પાસ મારી અહીં,
રાખો દીલગીરી તો માહારાજ સોગન છે સહી. ૨

(રાણીકદેવી પ્રાર્થના કરેછે.)

રાગ સારંગ તાલ ગજલ.

(બતઝદા ક્યા ખ્વાબ દીખાયા મેરે અલ્લા-એ ઢબ)

રાણીકદેવી—આપથી જુદું હવે મુજથી ના રહેવાય,
આપની જુદાઈથી સુખ સર્વ જાય. ટેક.
વિયોગ આપનો પિયુ જે ઘડીથી થાય,
વારી વિનાની વેલ જેમ, તેમ મુજ દીલ સુકાય; ૧
જાવું નૈ લડવા કદી કરોને ઉપાય,
પ્રાણથી જુદી હવે પ્યારી નહીં થાય; ૨
પ્રિતમ પ્રેમ આપનો દીલ સમાય,
તેનીજ ખાતર પ્યારા હું જાવા નૈ દઊં ક્યાંય, ૩
અર્જ દીન દાસી કેરી લેજો લક્ષમાંય,
દુઃખી કરો નહી મુજને કહું પડી તમ પાય. ૪
દુઃખ જુદાઈનું કદી મુજથી ના સહેવાય,
પડશો વિખુટા જો તમે પાડીશ મ્હારી કાય;
વિખુટા પડો નહી ચીત્ત એમ ચહાય,
મારા સમ સાચું કહો દીલ બહુ ગભરાય. ૬

(રાહખેંગાર ધીરજ દેછે.)

રાગ બીલાવલ તાલ દાદરો.

(ચેનનાં પડે દર્શ પીયુ વીના રે.—એ ઢબ.)

શાન્ત શાન્ત તું શાન્ત શાણી રે, શાને શોક, કરે અથોક,
છે તે ફોક, મનને રોક, ડાહી છે તું રાણી રે શાન્ત૦
નમન કરીયે અરીને સતી રે, લાજ જાય, ક્ષત્રી માંય,
દુખી થાય, દીલ સાંય. લાજે મા નકી રે, નમન૦
હીંમત હારવી નહીં ઘટે જરી રે, બનવું વીર ધરીને ધીર,
મારીને તીર, મારવા મીર, જાય નાસી અરી રે. હીંમત૦
પ્રેમ તાહરો પૂર્ણ છે પ્રિયારે, તુજ જુદાઇ ના શેહેવાય,
દીલ દુખાય, સુખ હરાય, કરીશ કાંઇ ક્રિયા રે. પ્રેમ૦
નહી તજુ તુને પ્રાણ માહારી રે, તુંજ તન તુંજ ધન,
તુંજ મન, તું રતન, આ દેહ તાહરી રે, નહીં૦

(રાહખેંગારને રાણીકદેવી શયન કરાવે છે.)

રાગ સોરઠ તાલ પંજાબી ઠેકો.

રાણીકદેવી—સુખ સજ્યામાં આજ, સુખથી પોઢો મારા નાથ,—ટેક.
શર્ણુ રહી કરૂં ચર્ણની શેવા, કર પંપાળું માથ, ૧
શ્રમિત થયા હશો સ્વામી મારા કરી રાજનાં કાજ. ૨
કિંકરી કરથી કાય દબાવે, સુખ નિદ્રા લ્યો રાજ. ૩
શીત સુગંધી વાયુ આવે, મિશ્રિત વાસ ગુલાબ. ૪
નિવૃત્ત મનને કરજો વા'લા, છોડી આળ પંપાળ. ૫
દુઃસ્વપ્નાં નહી આપને આવે, જાળ જગત જંજાળ. ૬
દાસી ઉદાસી તજીને બેઠી, ઇચ્છે રેહેવા સાથ. ૭

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

(દેશળજી સિદ્ધરાજને હકીકત કહે છે.)

રાગ બીહાગ તાલ લાવણી.

(ખુશરહો સનમજા–એ ઢબ.)

દેશળજી—કહું વાત મારી શું આજ કર્મની કહાણી,
થઈ શુદ્ધબુદ્ધ સર્વે લોપ મત મુંઝાણી;
કરી ઘણાં વર્ષ મેં શેવ મામાની પ્રીતે,
લડયો આપ સાથ હું ખરે વૈરીની રીતે. ૧
એ સર્વ ગયું મુજ ફોક રીસ થઈ ગાઢી,
એક સહજ બાબતમાં મામે મુકયો છે કાઢી;
નવ પુછયું ગાછયું નવ કર્યો કાંઈ તપાસ,
કર્યો વચન બાણથી ખરે મને નીરાશ.
મન, ક્રમ, વચનેથી મામી જાણું માત,
તે કારણ મામે મારી જોરથી લાત;
મેં કરી વિનતી તે નવ લીધી ધ્યાન,
કરગરતાં મારૂં કર્યું તેણે અપમાન. ૩
એ સર્વ દુઃખથી આવ્યો છઊં હું આંહી,
હવે વૈર લેવાની થઈછે બહુ અધીરાઈ,
છો આપ મુરબ્બી એમ સર્વે તો ભાંખે,
કદી છોરૂ કછોરૂ થાય વડીલ તે સાંખે,

હવે રાખી આપને શરણુ દુઃખતો ટાળો,
" શરણાગત નિર્ભય " ધર્મ આપતો પાળો. ૪

——:o:——

પ્રવેશ ૩ જો.

(રાહખેંગાર લડાઇ માટે રજા લેછે.)

રાગ—કામણ દીસેછે અલબેલા તારી આંખમાંરે.

રાહખેંગાર—પ્રીયા દીયો રજા ક્ષત્રી રીતી ધારીનેરે, વાત વીચારીને રે.
ગુર્જરના મહીપતીએ આવી, વગર લડે તે ગયોછે ફાવી;
દળ લાવીને ઘેરી તેણે બારીને રે. પ્રીયા૦ વાત૦ ૧
નગર કોટ ઘેરયોછે તેણે, ચાલુ કીધી તોપો એણે,
દીયો રજા હું આવીશ જલદી મારીનેરે. પ્રીયા૦ વાત૦ ૨
વસ્તીને પીડેછે રાજા, નથી રાખતો કોઇની માજા;
જાણી હું પ્રીયા હું વસ્તી, દુઃખ દીલ ધારીનેરે. પ્રીયા૦ વાત૦ ૩
જીત મેળવી જલદી આવું, સોરઠ સાથે ગુર્જર લાવું;
લાજ આપણી હાથ ગુરૂ ગીરનારીને રે. પ્રીયા૦ વાત૦ ૪
કદી પડયો હું રણમાં નિસ્ચે, સ્વર્ગ જવુંછે મારે પ્રીતે;
સાચવજો એ પુત્રો પ્રાણ ધારીને. પ્રીયા૦ વાત૦ ૫

(હીંદુસ્થાની બાર માશી.)

(હમકું છાંડ ચલે બન માધુ એ-ઢબ.)

રાણીકદેવી—(રાહખેંગાર લડવા જાયછે તેનો છેડો પકડી ના પાડેછે.)
નહીં રે જાવા દઊં નાથ અહીંયાથી, મુજથી વિખુટા ન પડવા દઊં રે. ૧
સૈન્ય નથી કાંઇ બળીયું આપનું, દુશ્મનો નહી ફાવવા દેરે;
પણ રે મોતે નહીં મરીયે નાથજી. પ્રથમ મુજને મરવા દેયો રે. ૨

સત્વર આંહિંથી નાશી જઇએ, ગુરૂ ગિરનારની ગુફામાં રે,
ફળ તરૂ જળનો આહાર કરીને, મુજ બાળકને જાળવવા રે. ૩
રાજ પાટ જો જાય ભલે તો, તમને નહીં હું જાવા દઊં રે;
પ્રીતની રીતમાં કીંમત એની, નથી કાંઇ પ્રીતમ મુજ મનમાં રે. ૪

રાગ સારંગ તાલ દીપચંદી.

(છોડો છોડો રાય કેસનેરે દાસી જાણુંને આપ.)

રાણીક૦—(હાથ જોડીને)
સ્વામી મારારે સુલક્ષણા, જોડું આપને હાથ;
કરગરી કહું હું નાથજી, લ્યોને મુજને સાથ. સ્વામી૦
રાહખેં૦—પ્યારી રહો ધૈર્ય ધારીને. રટો ઈશનું નામ;
જેર કરીશ હું વેરીને, કરશુ આપણું કામ. પ્યારી૦
રાણીક૦—સાથે રહી લડું હોંશથીરે, નહી જીવની આશ;
સીંહ પેઠે પડું સૈન્યમાં, કરૂં દુશ્મન નાશ. સ્વામી૦
રાહખેં૦—સાચું કહ્યું તમે પ્રેમદા. ધન્ય ધન્ય છે આજ;
સોડ શોભાવી પ્રીયા માહારી, રાખી જનુનીની લાજ. પ્યારી૦
રાણીક૦—નાથ ચાલો જઈએ સાથમાંરે, લઇ નાથનું નામ;
ક્ષત્રીની કુખ સોભાવીએ, કરીએ સીધ કામ. સ્વામી૦
રાહખેં૦—ધન્ય હીમત પ્યારી તાહેરીરે, હવે રહોને આંહી;
સાથે નથી તમ કામતો, લડશું એકલા ત્યાંહી. પ્યારી૦
રાણીક૦—એશું બોલો પ્રાણુ માહરારે, દયા ગઇ ક્યાં આ વાર;
કરશો જુદી જો આપથી, મરૂં ખાઈ કટાર. સ્વામી૦

(રાણીકદેવી કટાર લઈ પોતાના ગળાપર મારવા તત્પર થાય છે રાહખેંગાર તેનો હાથ ઝાલી તેમ ન કરવા સમજુતી દેતો બોલેછે.)

બનજારા.

(હરિ કલંક આરે ઉતારો, મુજ પ્રાણનાથ ઉગારો એ-ઢબ.)

રાહુખેં૦—મુજને જાવા દોને પ્યારી,
રાણીક૦—નહીં નહીં એ વાત થનારી,
રાહુખેં૦—કરૂં લડાઇનીજ તઈયારી, ઘેરી દુશ્મને મે'લની બારી,
માણું દરેકને ધા કારી, મુજને જાવા દોને પ્યારી.
રાણીક૦—કદી એવું નહીં જો બનશે, સૈન્ય આપણુનાને હણુશે,
નહીં કરો મને દુઃખીયારી, નહીં નહીં એ વાત થનારી.
રાહુખેં૦—ખરો ક્ષત્રીનો બચ્ચો જેહ, કેમ મે'લમાં સુઈ રે' તેહ,
કરે દુશ્મનની ખુવારી, મુજને જાવા દોને પ્યારી.
રાણીક૦—ભલે રાજ્ય જો સઘળું જાયે, કદી વનમાં વાસો થાયે,
ફળ ખાઈને દીન ગુજારી, નહીં નહીં એ વાત થનારી.
રાહુખેં૦—નહીં કર તું મનેરે નિરાશ, પુર મ્હારા દીલની આશ,
દે ખુશીથી રજા સારી, મુજને જાવા દોને પ્યારી.
રાણીક૦—નહીં નાથ એ વાતજ કરશો, દયા દાશીની દીલમાં ધરશો,
કરો જીંદગી આ સુખીયારી, નહીં નહીં એ વાત થનારી.
રાહુખેં૦—એવા બીરૂના બોલ નવ કહીએ, લડવા તણી હીંમત દઇએ,
ખરો ક્ષત્રીનો ધર્મ જાણી, મુજને જાવા દોને પ્યારી.
રાણીક૦—તમ વિના હું એકલી નાથ, કહો રહું હું કોની સાથ,
ચાલો જઈએ જંગલમાં નાશી, નહીં નહીં એ વાત થનારી.
રાહુખેં૦—નાસવાથી પ્રતિષ્ટા જાયે, દુનિયામાં એ આબરૂ થાયે,
કરો વાત ન એવી નઠારી, મુજને જાવાદોને પ્યારી,
રાણીક૦—તમ પ્રીતિનું પાન જેહ, કરૂં કોની સાથે તેહ,
દુઃખ ઝાળને નાંખો નિવારી, નહીં નહીં એ વાત થનારી.

રાહખેં૦—ખોણી ક્ષત્રીવટ હું આજે, તેથી માતા મ્હારી લાજે,
આખર પ્રીતિ છે દુઃખકારી, મુજને જાવા દોને પ્યારી.
રાણીક૦—જળ વિનાનું મીનજ જેવું, વિના આપના તન છે તેવું,
ખરે થઇ હવે દુઃખીયારી, નહીં નહીં એ વાત થનારી,
રાહખેં૦—બસ પ્યારી તું કરનાં જક, લડવા જાવું મ્હારે બેશક.
હવે પ્રણામ પ્યારી મ્હારી, મુજને જાવા દોને પ્યારી.

(રાહખેંગાર અને રાણીકદેવી બન્ને અરસ પરસ ગળે વળગી રહેછે.)

ચોપાઈની ચાલ.

(લયલી લયલી પુકારૂં મેં બનમેં એ—ઢબ.)

રાહખેં૦—પ્રણામ પ્રણામ પ્યારી મ્હારી,
રાણીક૦—પ્રીત બન્ધનમાં હું દુઃખીયારી,
રાહખેં૦—જાઉંછું લડવાને હું આજે, પડું વિખુટો તેને કાજે,
કરજે પુત્રનું તુંજ જતન, મુજ પ્રાણ તણા એ રતન. ૧
રાણીક૦—કશી ચિંતા ન કરશો નાથ, આવો સત્વર બતાવી હાથ,
કરજો જતન તમારા તનનું, કરો ધાર્યું તમે હવે મનનું. ૨
રાહખેં૦—રાજ જાળવજે રૂડી રીતે, પ્રણામ પ્રણામ પુરી પ્રીતે,
કદી છેવટના છે પ્રણામ, પ્રણામ પ્રણામ પ્યારી પ્રણામ. ૩
રાણીક૦—કેમ રજા હું મુખથી દેઉં, કેમ વિયોગનું દુઃખ સેઉં,
પાન પટી લ્યોને નાથ, કદી છેલી હાથો હાથ. ૪

પ્રવેશ ૬ ઠો.

(રાણીકદેવી પતિની રક્ષા માટે ઈશ્વર સ્તુતિ કરે છે)

રાગ ઢીંડી.

કરો રક્ષા પ્રભુ દુશ્મનોને મારી, મેહેર આણી મુજ નાથદો ઉગારી;
મેહેરકર પ્રભુ પુત્ર તુજ ધારી, વિજયશાળી નાથ મોકલો મોરારી. ૧
દયા આણુ પ્રભુ બાળકી હું તારી, સ્તુતિ શું કરૂં હું અલ્પ મતી મારી,
રણે થજે ઈશ મમ પતીનો વારી, વિજયશાળી નાથ મોકલો મોરારી. ૨
અસહ્ય સંકટેથી પાંડવોને તાર્યા, થઇ સારથી તેં કૌરવો સંહાર્યા;
બળમાંહી પ્રભુ દુખદો નીવારી, વિજયશાળી નાથ મોકલો મોરારી. ૩
કરૂં સ્તુતિ પ્રભુ ધ્યાન જરા દેજે, અલ્પ સ્તુતિ ઘણી માની હરી લેજે;
જીર્ણ દુર્ગ મધ્ય વીજયદે પુકારી, વિજયશાળી નાથ મોકલો મોરારી. ૪

(પુત્ર વિયોગથી વિલાપ કરેછે.)

(રાગ–મારી વહાલી તું થાને શાંત.)

રાણીક૦—દુખ દરીઆમાં નાંખી એ નાથ, મારાથી કેમ જીવાએ,
રોઈ રોઈને રે’વું આંહી, વીના મોતે કેમ મરાય;

સાખી.

આપ જવે અવની વીશે, થયું અંધારૂં ઘોર,
તુજ માતા બહુ વલ વલે, કરે મળવાને બહુ શોર. મારા૦
પ્રેમ અતિશય રાખતો, દીલનો પુત્ર દયાળ,
ચીંતા મારી રાખતો, હવે લેશે કો સંભાળ. મારા૦
સોરઠ પ્રજાના હાથથી, ગુમ થયુંછે રતન,
બીજા ભાવ નહીં લાવતાં, કરૂં તેનું હુંતો જતન. મારા૦

(રાગ ઓધવજી સંદેસો. એ–)

રાણીક૦—શી રીતે પ્રભુ ધીરજ ધારી બેસું હું.
ભડ ભડ દીલમાં ભડકા દુ:ખના થાયજો;

કેર થયો છે અતીશે આ અવની વીશે,
ફુલીછે આ દુઃખની મોટી રેલજો,
પ્રાણ તણારે પ્રાણ ઉડીને કયાં ગયા,
દયા ન આવી મુજને કરતાં નીરાશજો;
કોનેરે આધારે રહીશ હું નાથજી,
શાન્તી કેવી રીતે દીલની થાયજો;
પ્રજા સઘળી તલપે આપ વિયોગથી,
વિના પાણીનું જાણો જેવું મીનજો;
કેમ કરી આ જીંદગી પુરી તો થશે,
દુખ તણી તો રાખી નહી કંઈ સીમજો.

(સિદ્ધરાજ રાહખેંગારના મોટા છોકરાને મારી નાંખે છે.)

(રસીલી તારી સુરત દેખી પ્યારા ઘાયલ મનડું થયું છે મ્હારૂં એ–ઢબ.)

રાણીક૦—પુત્ર રતન તો પ્રાણથી પ્યારૂં, તે વણ જીવવું છેજ અકારૂં;
સુખડું સર્વ ગયું છે મ્હારૂં, સંસાર સુખ લાગેછે ખારૂં. ૧
માતુ માતુ કહી કો હવે આવે, જનુની કેરા જખમ રૂઝાવે.
નાથ અને પ્રીય પુત્રજ જાવે, અન્નોદક શી રીતે ભાવે. ૨
વેરીનો કરશે એ નાશ, દીલમાં હતી એવી આશ;
હવે થઈછું તદન ઉદાસ, કહેવું મ્હારે કોની પાસ. ૩

(સહીયર દુઃખ શું દાખવું મન ભડકે બળેછે એ—ઢબ.)

રાણીક૦—કરમ ફુટયું મ્હારૂં આજથી, ખોયા રાયને રાજ,
ગઢરે જુનો સુનો થયો, જાતાં રાહખેંગાર. ૧
મંદ મંદ મુખથી બોલતા, કરી હાસ્ય વિનોદ,

એ સત્વણું રે એળે ગયું, ગઇ દુશ્મન હાથ. ૨
સોના મંદિરમાં પોઢતા, લઇ પ્યારીને પાસ;
એ ધડ ક્યાં હવે રડવડે, ખરે થઇછું નિરાશ. ૩
એક કહેતાં એકવીશ મળે, ધરે ભૂમિ ન ભાર,
એ ધડ ક્યાં હવે રડવડે, દુઃખનો નહીં પાર. ૪
જે નારી કો નીરખે નહીં, નખ કો ન પામેલ,
તેરે દુશ્મન હાથે ચડી, કર્મ થયું છે સામેલ.
ઓ નાથ રે આવી મળો, દો દર્શનનો લાભ,
દાસી તમારી રોઈ મરે. ધિઃક ધિઃક અવતાર.

લલીત.

રાણીક૦—અરર નાથરે શું હવે થશે, દીવસ માહરા કેમરે જશે,
દીલ ઉદાસ તો કેમરે કરી, પરમ પ્રાણને ક્યાં મળું ફરી,
શયન ગૃહ આ સૂનુંરે થયું, જીવન માહરૂં એમરે ગયું;
જઇશ ક્યાં હવે બેસવા કરી. પરમ૦
દીલથી પ્યારી તો કો હવે કહે, દુઃખ બધું હરી કોણરે લહે,
થઇ અભાગણી દુઃખની ભરી. પરમ૦
શયન જોઇને શોકતો થશે, દિલું માહરૂં હાથથી જશે;
અરર ધીઃકછે તારને જરી. પરમ૦
ખરર આંખથી આંસુઓ ખરે, મનડું માહરૂં હાથ ના રહે,
મરીશ હું હવે ઓ હરી હરી, પરમ પ્રાણને ક્યાં મળું ફરી.

(રાણીકદેવી જુનાગઢ છોડી જાયછે તે વખતે.)

રાગ આશાવરી જોગીયો.

રાણીક૦—છોડીને જાઉં હું એકલી પ્યારા તુજ પ્યાર,

છોડીને પ્રીતમ પ્રાણને સાથે હરી આ વાર,
ધિઃક ધિઃક ગીરનાર હો પડયો નહીં આ વાર,
રંડાપો રાણીકદેવીને મરતાં રાહખેંગાર, [શીખરો પડે છે.
પડ ન પડ આધાર તું જીવતાં જાત્ર સાર,
રંડાપો રાણીકદેવીને મરતાં રાહખેંગાર,
દુષ્ટ મયુર તું શું કરે મધુર સ્વર આ વાર,
રંડાપો રાણીકદેવીને મરતાં રાહખેંગાર;
બાળે છે મુજ મન તું, બળજો તારી જાત,
રંડાપો રાણીકદેવીને મરતાં રાહખેંગાર;
પ્રણામ વાહાલા કોટને પ્રણામ છેલીવાર,
રંડાપો રાણીકદેવીને મરતાં રાહખેંગાર;
પ્રણામ ગુરૂ દત્તાત્રય પ્રણામ અંબામાત,
રંડાપો રાણીકદેવીને મરતાં રાહખેંગાર;
પ્રીતમથી મેળવ પ્યારીને માતા માહારી સાર,
જુગો જુગ જોડલું રાણિકને રાહખેંગાર.

પ્રવેશ ૭ મો.

(વઢવાણ નજીક ભોગાવા ઉપર સિદ્ધરાજની છાવણીમાંનો ખાસ તંબુ. રાણીકદેવી એકાએક કોચ ઉપર બેઠી બેઠી ગાય છે.)

(રાગ આશાગોડી.)

લાજ રાખો પ્રભુ મારી, સંકટ સમયે લાજ રાખો પ્રભુ મારી
ગુજરના મહીપતીએ આવી, મુજ નાથને નાખ્યા મારી. સં૦ટ૦
મુજને ફસાવી લાવ્યા આંહી, છુટયાની નથી બારી. સં૦ટ૦

તુજ બચાવે તોજ બચું હું, નહીતર થઇ દુઃખીઆરી, સંકટ૦
સત્ય પતીવ્રત રાખજે મારૂં, પ્રભુ હું બાળકી તારી. સંકટ૦
સતી ધરમને કારણ હું તો, જીંદગી તજું છું મારી, સંકટ૦
પ્રાણ પડે કદી મુજ ધર્મ માટે, તો પણ જાઉં ન હારી, સંકટ૦
સાહે થજે તું સુકૃત્યે મારા, લેજે પ્રભુ તું ઉગારી, સંકટ૦

(સિદ્ધરાજ એકદમ પ્રવેશ કરીને)

સિદ્ધરાજ— **હીંડી.**

પ્રીયા માન જરા માન કહ્યું મારૂં, કેમ ખુટયુંછે આયુસ્ય પ્રીયા તારૂં,
નથી કોઇ તુને હવે બચાવનારૂં, પ્રીયા માન જરા માન કહ્યું મારૂં;
હજી વખ્ત ઘણોછે વીચારી જોને, પછી પ્રીતી કેરૂં પાન મને દેને;
પ્રીયા પ્યાર હજી દીલમાં હું ધારૂં, પ્રીયા માન જરા માન કહ્યું મારૂં.
વખ્ત નથી હવે અવળું થયાનો, નથી વખ્ત મારે તુજપરે દયાનો,
હજી માન ધરતું કાન વાલ વધારૂં, પ્રીયા માન જરા માન કહ્યું મારૂં;
ખુશી કરૂં ખુશી કરૂં બહૂ તુને, દીલ ચડયોછે આનંદે જુસો હુંને,
દઊં દોલત માયાને પીડ સારૂ, પ્રીયા માન જરા માન કહ્યું મારૂં.

(રાણીકદેવીને સિદ્ધરાજ પ્યારી કહેછે તેથી શાપ દે છે)

રાણીક૦—**(પીયુને તજાવનાર વેરી અલંકાર એ—ઢબ.)**

શું રે કહું દુષ્ટ તુને શરમ નથી, કાયર થઇ રે તુને કથી રે કથી.
પુત્રીવત્ તારી તેને પ્યારો શું કહે, નફ્ટ નિરલજ જરા મનમાં લહે,
પ્યારી કે'તાં જીભ તારી કેમ ન તુટે, પ્યારી કે'તાં આયુષ્ય તારૂં કેમ ન ખુટે,
જીભ તારીમાંરે ઉગો કંટકતો સાર, ધિઃક ધિઃક તારો થાજોરે અવતાર,
ભલે કદી સૂર્યોદય પશ્ચિમમાં થાય, ભલે કદી સમુદ્ર માઝા મેલીને જાય,
ભલે કદી નક્ષત્ર સૌ પૃથ્વીમાં પડે, ભલે કદી ચંદ્ર સૂર્ય પૃથ્વીને અડે,
સતી ક્ષત્રાણીરે કેરી રાખીશમાં આશ, અંતેરે થાશેરે એમાં કુળનો વિનાશ.

ધર્મના પીતારે તું પુત્રીથી રેજે દૂર, તાતમારા તુલ્ય તું તો થા નહીં ક્રૂર.

(રાણીકદેવીને રાહખેંગારના શબની ખબર પડેછે તેથી તે માગેછે.)

હજી ક્ષત્રી લોહી વપુ માંય ક્ષત્રી કલંક કેમ લેશેરે એ–ઢબ.

રાણીક૦—બસ બસ થઈ હવે બહુ, ક્ષત્રાણી સત નહીં ચુકેરે,
જગ જોશે દાખલો સહુ, સતી શીર નહીં મુકે રે,
તારા કૃત્યમાં નહીં કચાશ, ક્ષત્રાણી સત નહીં ચુકે રે:
તુજ નિષ્ફળ સર્વે આશ, સતી શીર નહીં મુકે રે.
લાવ પવિત્ર પતીનું શબ, ક્ષત્રાણી સત નહીં ચુકે રે,
થાવું સતી જોતાં જગ, સતી શીર નહીં મુકે રે.
જન જલ્દી લાવી આપ. ક્ષત્રાણી સત નહીં ચુકે રે,
નહીંતર બાળી કરૂં હું ખાખ, સતી શીર નહીં મુકે રે.
છેવટમાં કહું નિરધાર, ક્ષત્રાણી સત નહીં ચુકે રે,
તું વાંઝીયો મરશે સાર, સતી શીર નહીં મુકે રે,
તુજ રાજ થશે પાયમાલ, ક્ષત્રાણી સત નહીં ચુકે રે,
તું મરશે ભુંડે હાલ, સતી શીર નહીં મુકે રે.

પ્રવેશ ૮ મો.

(રાણીકદેવી ધોળાં વસ્ત્ર પેહેરી પીયળ કાઢી કેશ છુટા મુકી ચીતા પાસે પોતાના પતીનું શબ ખોળામાં લઈ ગીરનારીની પ્રાર્થના કરે છે.)

(દીન જાણી દયા આણી.)

માતા પુત્રી મને જાણી શાણી સુખ આપો રે.
કષ્ટ રૂદયનાં તમે કાપો. માતા૦
જોગ માયા માયા સાચીછે તારી,
માહારી લાજ તારે હાથ માતા કાપો ઉતાપો રે,
કષ્ટ રૂદયનાં તમે કાપો. માતા૦

આવુંછું જનની તારીજ પાસે,
થાશે ન્યાય મારો પુન્ય પાપ તમે માપોરે,
કષ્ટ રૂદયનાં તમે કાપો. માતા૦
પતીવ્રત કારણ થાએછે મારણ,
તારણ થાઓ તમે માત હાથ શીર થાપોરે.
કષ્ટ રૂદયનાં તમે કાપો. માતા૦

(દયાળુ દેવ કૃપાળુ તું એ—ઢબ.)

(ડસકાં ભરતી જાયછે.)

જગતના રે પ્રભુ પ્યારા પડી છઉં હું શરણ તારા,
કૃતી તારી કળે નહીં કોય હં હાં હાં હાં હ હો હો હો. ૧
દીધુંછે દુઃખ અતીશેં આજ હં હાં હાં હાં હ હો હો હો, ૨
કરી અંતે તે મારી સાહ્ય હં હાં હાં હાં હ હો હો હો, ૪
હણ્યા બે પુત્ર પ્યારાને હં હાં હાં હાં હ હો હો હો. ૪
પતિ પ્યારાના થ્યા બે હાલ હં હાં હાં હાં હ હો હો હો, ૫
કરી બે હાલ મુજને તેં હં હાં હાં હાં હ હો હો હો, ૬
રાખીછે લાજ પ્રભુ તેં આજ હંહાં હાં હાં હ હો હો હો. ૭
માગુંછું હુંજ તારી પાસ રાણીકને રાખ્ય રાહખેંગાર, ૮
ભવો ભવ અમને રાખજે સાથ હં હાં હાં હાં હ હો હો હો. ૯

(રાણીકદેવી વઢવાણના ભોગાવામાં સતી થાય છે.)

(શીખરણી વૃત્તની ચાલ.)

જગત જનુની માતા, ભવ ભય ભંજન અતિ,
કળા તારી ન્યારી નમે તુજને સતી,
રાખી લાજ સદા તેં જીર્ણદુર્ગ વતી,
હે અંબે માત યજ્ઞેશ્વરી પશુ પતિ,
જે અંબે ! જે અંબે ! ! જે અમ્બે ! ! ! જે અંબે ! ! ! !

(એકદમ ચેહમાં પડેછે અને સીંદુર સમો ધુંમાડો ગગને ચડે છે તથા સર્વ પંચમહાભૂતો પોતપોતાનો ભાગ પાડી લે છે.)

(સર્વે એકટરો છેવટ ઈશ્વરસ્તુતિ કરેછે.)

લાવણી.

સનમ સખીરી રૂઠગયા મેરે શીરપર આયા ચોમાસા એ-ઢબ

સર્વે પાત્રો—(ગુડણીએ પડીને)

યથા શક્તિ આ ખેલ ભજાવ્યો, અલ્પ મતીથી જે રચીયો,
જન મન રંજન કરવા આજે, તન મન શ્રમથી આદરીયો,

બેત.

સ્ત્રી કેલવણી સારી ખરી હીતકારી, હમેશાં મુકાવે ચાલ તે નઠારી,
સતી નારી કેરૂં ચરીત્ર જે પવીત્ર, નજરે જોયું આજે ખરૂં જતે ચિત્ર.

ચાલ.

નજરે જોયું આ નારી ચરિત્ર, સુંદર સારૂં સુખકારી,
વિદ્યાવંત ગુણવંત ભણેલી, હમેશ થાજો સૌ નારી,
કુચાલ કેરાં ફળ ભોગવ્યાં, સિદ્ધરાજ જે મહારાજા,
દારૂએ તો દાટજ વાળ્યો, કોઇની નવ રાખી માજા.

બેત.

ભુલ ચુક હમારી નજરે પડી જે, કૃપા કરી તે માફ કરીજે,
હમેશાં આશ્રય તો આપશો એજ આશ,તસ્દી તમારી માટે માગીયે માફ

ચાલ.

ભુલ ચુક મનમાં નવ આણી. સાર ગ્રહો સુજન તમે,
હશી ખુશીજી ઘેર પધારો, દર્શન દેજો આવે સમે.

સમાપ્ત.

---

* આ ચીન્હાવળી કવિતાનો ઘણો ખરો ભાગ મહુવા નીવાસી લલ્લુ કાળીદાસ ઓઝાના અપુર્ણ રહેલ રાણીકદેવી નાટકમાંથી લીધોછે.

राणीकदेवी राहखेंगार

નાટક ૫ અંકી.

આર્યજનો—જીર્ણદુર્ગના પ્રખ્યાત મહારાજા રાહખેંગાર અને સોરઠી સતી રત્ન રાણીકદેવીનું ગદ્ય પદ્યાત્મક ચીત્ર કે, જે આ કાઠીઆવાડ, ગુજરાતના પ્રસિદ્ધ ભાગોમાં ભજવાએલું છે. તે સદાબહાર ખેલ અમારા તરફથી પુરતાં ૫૦૦ ગ્રાહક થયે બહાર પડશે કે, જેમાં હાસ્ય, કુરૂણા, શૃંગાર, વીર વીગેરે રસોમાં કુરૂણા અને શૃંગાર પ્રાધાન્ય છે.

અગાઉથી આના ૬ છ. પાછળથી ૮ આઠ. દશ પ્રતે ૧ પ્રત ભેટ. એજંટને સારૂં કમીશન.

નાગરવાડા } શ્રીરંગધર મુળશંકર
જુનાગઢ. } કર્ત્તા માંહેલો

વિજ્ઞપ્તી.

મારા કૃપાળુ વાંચકવર્ગની પુર્ણ કૃપાથી આ મારી રાણીક છઠી વખતનો દેખાવ દેવા પામી છે. જે માટે વાંચકવર્ગ શીવાય બીજા કેનો આભાર માનવો ?

જણાવવાને ખુશી ઉપજેછે કે, આ વખત આ કાર્યમાં ખુધીઆ ભાગદારવાળા જગાએ અમને પુર્ણ મદદ આપી છે કે, જેનો આભાર આ જગોપર માનવો નીરર્થક નથી.

ઘણા ખેલના કર્ત્તાઓ (મંડળીવાળા) અમારી પર
વગર ભજવે જાયછે તેમાં પણ હાલમાં સાં°
એક મંડળીના મેનેજર કે જેને પારકા
નામ બેસાડી આખો ખેલ પોતાનો

એવી ખોટી ટેવ પડેલી છે, તેણે તો આ ગાયન પોતેજ છ-પાવવા ધારણા રાખી છે અને તેટલાજ માટે અમારે આ લઘુ ગ્રંથને રજીષ્ટર કરાવવો પડયો છે કે જેથી હવે પછી અમારી લેખીત પરવાનગી શીવાય આ ગ્રંથ આખો યા તે-નો કોઇ પણ ભાગ ભજવે, છપાવે નહીં અને કદી તેમ કરે તો સરકારના આકટને આધીન થાય—

નીચે લખ્યાં પુસ્તકો રોકડી કીમતે અમારી આફીસમાંથી મળશે.

		રૂ.આ.પા.
સમસતી ચંડીના ગરબા કવચ ૧૬ ના દીવાન શ્રી રણછોડજી કૃત્ય.		૦—૩—૬
ચોરાશી બ્રાહ્મણની ઉત્પતી તથા શંકરબાવની		૦—૪—૬
મહોબત વિરહ		૦—૪—૬
ઘરડા કાકાનો વરઘોડો..		૦—૨—૦
છપાયછે.	અગાઉથી.	પાછળથી.
રાણીકદેવી મોટું	૦—૬—૦	૦—૮—૦
રાહ નવઘણ નાટક	૦—૪—૦	૦—૬—૦
સોમવાર મહાત્મ	૦—૪—૦	૦—૬—૦

મળવાની જગા.

જુનાગઢ—અમારી પાસેથી—બુકસેલર ગોવીંદજી નાનજી પારેખને ત્યાંથી.

ગર—પરસોતમ ગીગાભાઇની કંપની-

લી. શ્રીરંગધર મુળશંકર
કર્તા માંહેલો.

....